# પરિશિષ્ટ–૧

# જાહેરાતનો નમૂનો

## સમગ્ર શિક્ષા અંતર્ગત રાજય, જિલ્લા, બ્લોક કક્ષાએ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) અને બોઈઝ હોસ્ટેલ ખાતે ૧૧ માસ માટે કરાર આધારિત જગ્યાઓના કરાર બાબત

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિકસ મહેનતાણું | સંભવિત ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| | **રાજય કક્ષાની જગ્યા** | | |
| ૧ | ઓફિસર ઈન્ચાર્જ – સ્ટેટ આઈ.ઈ.ડી. કો–ઓર્ડિનેટર | રૂા.૩૫,૦૦૦/– | ૦૧ |
| | **જિલ્લા કક્ષાની જગ્યા** | | |
| ૨ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર | રૂા.૨૭,૦૦૦/– | ૦૭ |
| ૩ | આસિસ્ટન્ટ આર્કિટેક | રૂા.૩૦,૦૦૦/– | ૧૦ |
| | **તાલુકા કક્ષાની જગ્યા** | | |
| ૪ | બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા) | રૂા.૨૩,૦૦૦/– | ૦૭ |
| ૫ | બ્લોક રિસોર્સ પર્સનઃ એ.આર. એન્ડ વી.ઈ. (એલીમેન્ટ્રી એજયુકેશન/સેકન્ડરી એજયુકેશન) | રૂા.૨૨,૦૦૦/– | ૦૪ |
| ૬ | બ્લોક રિસોર્સ પર્સનઃ નિપુણ (પ્રજ્ઞા) | રૂા.૨૨,૦૦૦/– | ૦૨ |
| | **કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) કક્ષાની જગ્યા** | | |
| ૭ | વોર્ડન કમ હેડ ટીચર–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૨૫,૦૦૦/– | ૫૩ |
| ૮ | આસિસ્ટન્ટ વોર્ડન–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૫,૦૦૦/– | ૭૩ |
| ૯ | હિસાબનીશ–બિન નિવાસી (કેજીબીવી)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૮,૫૦૦/– | ૪૬ |
| | **બોઈઝ હોસ્ટેલની જગ્યા** | | |
| ૧૦ | વોર્ડન (ગૃહપતિ) (નિવાસી)<br>**(ફકત પુરૂષ ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૨૫,૦૦૦/– | ૦૩ |
| ૧૧ | આસિસ્ટન્ટ વોર્ડન (મદદનીશ ગૃહપતિ) (નિવાસી)<br>**(ફકત પુરૂષ ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૫,૦૦૦/– | ૦૩ |
| ૧૨ | હિસાબનીશ (બીન નિવાસી) મહિલા/પુરૂષ ઉમેદવાર | રૂા.૮,૫૦૦/– | ૦૪ |

સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત રાજયમાં રાજયકક્ષા, જિલ્લાકક્ષા, તાલુકાકક્ષા, કેજીબીવી અને બોઈઝ હોસ્ટેલ ખાતે ઉકત **સંભવિત ખાલી રહેલ જગ્યાઓની ભરતી માટે તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે** પસંદગીયાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાતો અને પૂરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી **ઓન–લાઈન** અરજીઓ મંગાવવામાં આવે છે. **ક્રમ– ૭, ક્રમ–૮, ક્રમ–૯ ની જગ્યા માટે ફકત મહિલા ઉમેદવારની અરજીઓ માન્ય ગણાશે. તેમજ ક્રમ–૧૦ અને ક્રમ–૧૧ માટે ફકત પુરૂષ ઉમેદવારની અરજીઓ માન્ય ગણાશે.**

**ઉપરોકત તમામ જગ્યાઓ પૈકી ક્રમ–૧ માટે ઉમેદવારની વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૫૦ વર્ષ સુધીની રહેશે. અને ક્રમ–૨ માટે ઉમેદવારની વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૪૫ વર્ષ સુધીની રહેશે. તેમજ ક્રમ–૩ થી ૧૨ સુધીની જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

ઉમેદવારે ઓન–લાઈન અરજી **http://www.ssagujarat.org** વેબ સાઈટ પર જઈ **Recruitment** પર કલીક કરી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઈટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની **સૂચનાઓ/માર્ગદર્શિકા** પહેલા વાંચી લેવી. સ્ટેટ પ્રોજેકટ ઓફિસ તથા જિલ્લા પ્રોજેકટ ઓફિસ ખાતે રૂબરૂ, ટપાલ કે કુરિયર ધ્વારા કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહિં. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહિં.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે **ઓન–લાઈન કરેલ અરજીની પ્રિન્ટ** સાથે જરૂરી પ્રમાણપત્રોની એક–એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફસ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**ઓન–લાઈન અરજી કરવાની તારીખ : ૧૪/૧૦/૨૦૨૫ (૧૪:૦૦ કલાક થી શરૂ)**
**ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૦/૧૦/૨૦૨૫ (૨૩:૫૯ કલાક સુધી)**

**સહી/–**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,**
**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર–૧૯, ગાંધીનગર**

# પરિશિષ્ટ–૨
# ખાલી જગ્યાઓની સંખ્યા

| ક્રમ | જગ્યાનું નામ | સંભવિત ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| | **રાજય કક્ષાની જગ્યા** | |
| ૧ | ઓફિસર ઈન્ચાર્જ – સ્ટેટ આઈ.ઈ.ડી. કો–ઓર્ડિનેટર | ૦૧ |
| | **જિલ્લા કક્ષાની જગ્યા** | |
| ૨ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર | ૦૭ |
| ૩ | આસિસ્ટન્ટ આર્કિટેક | ૧૦ |
| | **તાલુકા કક્ષાની જગ્યા** | |
| ૪ | બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા) | ૦૭ |
| ૫ | બ્લોક રિસોર્સ પર્સનઃ એ.આર. એન્ડ વી.ઈ. (એલીમેન્ટ્રી એજયુકેશન/સેકન્ડરી એજયુકેશન) | ૦૪ |
| ૬ | બ્લોક રિસોર્સ પર્સનઃ નિપુણ (પ્રજ્ઞા) | ૦૨ |
| | **કેજીબીવી કક્ષાની જગ્યા** | |
| ૭ | વોર્ડન કમ હેડ ટીચર–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | ૫૩ |
| ૮ | આસિસ્ટન્ટ વોર્ડન–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | ૭૩ |
| ૯ | હિસાબનીશ–બિન નિવાસી (કેજીબીવી)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | ૪૬ |
| | **બોઈઝ હોસ્ટેલની જગ્યા** | |
| ૧૦ | વોર્ડન (ગૃહપતિ) (નિવાસી) ફકત પુરૂષ ઉમેદવાર | ૦૩ |
| ૧૧ | આસિસ્ટન્ટ વોર્ડન (મદદનીશ ગૃહપતિ) (નિવાસી) ફકત પુરૂષ ઉમેદવાર | ૦૩ |
| ૧૨ | હિસાબનીશ (બીન નિવાસી) મહિલા/પુરૂષ ઉમેદવાર | ૦૪ |

# ખાલી જગ્યાઓની વિગત

<table>
<tr><th>ક્રમ</th><th>જગ્યાનું નામ</th><th>સંભવિત ખાલી જગ્યાની વિગત</th></tr>
<tr><td></td><td>રાજય કક્ષાની જગ્યા</td><td></td></tr>
<tr><td>૧</td><td>ઓફિસર ઈન્ચાર્જ – સ્ટેટ આઈ.ઈ.ડી. કો–ઓર્ડિનેટર</td><td>સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, ગાંધીનગર</td></tr>
<tr><td></td><td>જિલ્લા કક્ષાની જગ્યા</td><td></td></tr>
<tr><td>૨</td><td>મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર</td><td>વડોદરા, છોટાઉદેપુર, મોરબી, પોરબંદર, જામનગર, અમરેલી, દેવભૂમિ ધ્વારકા</td></tr>
<tr><td>૩</td><td>આસિસ્ટન્ટ આર્કિટેક</td><td>અમરેલી, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, ડાંગ, દેવભૂમિ ધ્વારકા, ગીર–સોમનાથ, મહિસાગર, પંચમહાલ, પોરબંદર</td></tr>
<tr><td></td><td>તાલુકા કક્ષાની જગ્યા</td><td></td></tr>
<tr><td>૪</td><td>બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા)</td><td><table><tr><th>જિલ્લો</th><th>તાલુકો</th></tr><tr><td>છોટાઉદેપુર</td><td>નસવાડી</td></tr><tr><td>દાહોદ</td><td>ફતેપુર, સીંગવડ,</td></tr><tr><td>કચ્છ</td><td>ભચાઉ, મુન્દ્રા, રાપર,</td></tr><tr><td>મહીસાગર</td><td>ખાનપુર</td></tr></table></td></tr>
<tr><td>૫</td><td>બ્લોક રિસોર્સ પર્સનઃ એ.આર. એન્ડ વી.ઈ. (એલીમેન્ટ્રી એજયુકેશન / સેકન્ડરી એજયુકેશન)</td><td>એલીમેન્ટ્રી એજયુકેશન :<table><tr><th>જિલ્લો</th><th>તાલુકો</th></tr><tr><td>કચ્છ</td><td>રાપર</td></tr><tr><td>મહીસાગર</td><td>બાલાસિનોર</td></tr></table>સેકન્ડરી એજયુકેશન :<table><tr><th>જિલ્લો</th><th>તાલુકો</th></tr><tr><td>પાટણ</td><td>રાધનપુર, સાંતલપુર</td></tr></table></td></tr>
<tr><td>૬</td><td>બ્લોક રિસોર્સ પર્સનઃ નિપુણ (પ્રજ્ઞા)</td><td><table><tr><th>જિલ્લો</th><th>તાલુકો</th></tr><tr><td>પાટણ</td><td>રાધનપુર</td></tr><tr><td>સુરત કોર્પોરેશન</td><td>એસએમસી</td></tr></table></td></tr>
<tr><td></td><td>કેજીબીવી કક્ષાની જગ્યા</td><td></td></tr>
<tr><td>૭</td><td>વોર્ડન કમ હેડ ટીચર–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)</td><td>૫૩ જગ્યા ખાલી.</td></tr>
<tr><td>૮</td><td>આસિસ્ટન્ટ વોર્ડન–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)</td><td>૭૩ જગ્યા ખાલી. (પત્રક આ સાથે સામેલ છે)</td></tr>
<tr><td>૯</td><td>હિસાબનીશ–બિન નિવાસી (કેજીબીવી)<br>(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)</td><td>૪૬ જગ્યા ખાલી. (પત્રક આ સાથે સામેલ છે)</td></tr>
<tr><td></td><td>બોઈઝ હોસ્ટેલની જગ્યા</td><td></td></tr>
<tr><td>૧૦</td><td>વોર્ડન (ગૃહપતિ) (નિવાસી)<br>(ફકત પુરૂષ ઉમેદવારે જ અરજી કરવી.)</td><td><table><tr><th>જિલ્લો</th><th>તાલુકો</th></tr><tr><td>અમદાવાદ</td><td>રજોડા (બાવળા)</td></tr><tr><td>બનાસકાંઠા</td><td>વાવ</td></tr><tr><td>પંચમહાલ</td><td>ઘોઘંબા</td></tr></table></td></tr>
<tr><td>૧૧</td><td>આસિસ્ટન્ટ વોર્ડન (મદદનીશ ગૃહપતિ) (નિવાસી)<br>(ફકત પુરૂષ ઉમેદવારે જ અરજી કરવી.)</td><td><table><tr><th>જિલ્લો</th><th>તાલુકો</th></tr><tr><td>દેવભૂમિ ધ્વારકા</td><td>ધ્વારકા</td></tr><tr><td>પાટણ</td><td>સમી</td></tr><tr><td>સુરેન્દ્રનગર</td><td>ચુડા</td></tr></table></td></tr>
<tr><td>૧૨</td><td>હિસાબનીશ (બીન નિવાસી) મહિલા/પુરૂષ ઉમેદવાર</td><td><table><tr><th>જિલ્લો</th><th>તાલુકો</th></tr><tr><td>બનાસકાંઠા</td><td>(રતનપુરા) કાંકરેજ</td></tr><tr><td>દેવભૂમિ ધ્વારકા</td><td>ધ્વારકા</td></tr><tr><td>નર્મદા</td><td>(સેલંબા) સાગબારા</td></tr><tr><td>તાપી</td><td>(રૂમકી તલાવ) નિઝર</td></tr></table></td></tr>
</table>

# ખાલી જગ્યાઓની વિગત (ક્રમ–૮)

| આસિસ્ટન્ટ વોર્ડન | | |
|---|---|---|
| **Sr** | **જિલ્લાનું નામ** | **સંભવિત ખાલી જગ્યા** |
| 1 | Banaskantha | 16 |
| 2 | Bhavnagar | 2 |
| 3 | Botad | 2 |
| 4 | Devbhoomi Dwarka | 7 |
| 5 | Gandhinagar | 0 |
| 6 | Kutch | 11 |
| 7 | Kheda | 1 |
| 8 | Mehsana | 1 |
| 9 | Morbi | 2 |
| 10 | Patan | 7 |
| 11 | Rajkot | 1 |
| 12 | Surendranagar | 22 |
| 13 | Vadodara | 0 |
| 14 | RMC | 0 |
| 15 | VMC | 1 |
| | **TOTAL** | **73** |

## ખાલી જગ્યાઓની વિગત (ક્રમ–૯)

| હિસાબનીશ–બિન નિવાસી (કેજીબીવી) | | |
|---|---|---|
| **Sr** | **જિલ્લાનું નામ** | **સંભવિત ખાલી જગ્યા** |
| 1 | Ahmedabad | **1** |
| 2 | Anand | **2** |
| 3 | Aravalli | **0** |
| 4 | Banas Kantha | **8** |
| 5 | Bharuch | **0** |
| 6 | Bhavnagar | **0** |
| 7 | Botad | **0** |
| 8 | Dahod | **6** |
| 9 | Dev. Dwarka | **1** |
| 10 | Gandhinagar | **0** |
| 11 | Kutch | **10** |
| 12 | Mehsana | **1** |
| 13 | Morbi | **1** |
| 14 | Narmada | **1** |
| 15 | Panchmahal | **4** |
| 16 | Patan | **3** |
| 17 | Surat | **1** |
| 18 | Surendranagar | **5** |
| 19 | Tapi | **1** |
| 20 | Vadodara | **0** |
| 21 | Valsad | **1** |
| 22 | RMC | **0** |
| 23 | VMC | **0** |
| | **TOTAL** | **46** |

# <u>પરિશિષ્ટ – ૩</u>

## અરજી કરવા સંબંધિત સૂચનાઓ

૧. ઉમેદવારે ઓનલાઈન અરજી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

૨. ઓનલાઈન સિવાયની કોઈપણ અરજી રાજય/જિલ્લા/બ્લોક ની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિં. ઓનલાઈન અરજી તા.૧૪/૧૦/૨૦૨૫ તારીખથી (૧૪:૦૦ કલાક થી શરૂ) થશે.

૩. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૨૫ છે. (૨૩:૫૯ કલાક સુધી)

૪. ઉમેદવારે જુદી જુદી જગ્યા માટે જુદી જુદી અરજી કરવાની રહેશે. એક જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરેલ હશે તો છેલ્લે કરેલી અરજી માન્ય ગણવામાં આવશે.

૫. આ નિમણૂંક કરારના ધોરણે ૧૧ માસથી વધુ નહી તેટલી મુદતની રહેશે.

૬. **ઉપરોકત તમામ જગ્યાઓ પૈકી ક્રમ–૧ માટે ઉમેદવારની વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૫૦ વર્ષ સુધીની રહેશે. અને ક્રમ–૨ માટે ઉમેદવારની વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૪૫ વર્ષ સુધીની રહેશે. તેમજ ક્રમ–૩ થી ૧૨ સુધીની જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

૭. **માસિક ફિકસ મહેનતાણું જુદી જુદી જગ્યા માટે નીચે મુજબ રહેશે.**

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિકસ મહેનતાણું |
|---|---|---|
| | **રાજય કક્ષાની જગ્યા** | |
| ૧ | ઓફિસર ઈન્ચાર્જ – સ્ટેટ આઈ.ઈ.ડી. કો–ઓર્ડિનેટર | રૂા.૩૫,૦૦૦/– |
| | **જિલ્લા કક્ષાની જગ્યા** | |
| ૨ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર | રૂા.૨૭,૦૦૦/– |
| ૩ | આસિસ્ટન્ટ આર્કિટેક | રૂા.૩૦,૦૦૦/– |
| | **તાલુકા કક્ષાની જગ્યા** | |
| ૪ | બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા) | રૂા.૨૩,૦૦૦/– |
| ૫ | બ્લોક રિસોર્સ પર્સનઃ એ.આર. એન્ડ વી.ઈ. (એલીમેન્ટ્રી એજયુકેશન/સેકન્ડરી એજયુકેશન) | રૂા.૨૨,૦૦૦/– |
| ૬ | બ્લોક રિસોર્સ પર્સનઃ નિપુણ (પ્રજ્ઞા) | રૂા.૨૨,૦૦૦/– |
| | **કેજીબીવી કક્ષાની જગ્યા** | |
| ૭ | વોર્ડન કમ હેડ ટીચર–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૨૫,૦૦૦/– |
| ૮ | આસિસ્ટન્ટ વોર્ડન–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૫,૦૦૦/– |
| ૯ | હિસાબનીશ–બિન નિવાસી (કેજીબીવી)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૮,૫૦૦/– |
| | **બોઈઝ હોસ્ટેલની જગ્યા** | |
| ૧૦ | વોર્ડન (ગૃહપતિ) (નિવાસી) ફકત પુરૂષ ઉમેદવાર | રૂા.૨૫,૦૦૦/– |
| ૧૧ | આસિસ્ટન્ટ વોર્ડન (મદદનીશ ગૃહપતિ) (નિવાસી) ફકત પુરૂષ ઉમેદવાર | રૂા.૧૫,૦૦૦/– |
| ૧૨ | હિસાબનીશ (બીન નિવાસી) મહિલા/પુરૂષ ઉમેદવાર | રૂા.૮,૫૦૦/– |

૮. ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું જ્ઞાન ફરજીયાત ધરાવતો હોવા જોઈએ. આ અંગેનો જરૂરી આધાર રજુ કરવાનો રહેશે. આ અંગે સરકારશ્રીના ભરતી અંગેના પ્રવર્તમાન નિયમોનુસારનો આધાર રજુ કરવાનો રહેશે.

૯. ઉમેદવાર ઉપરોકત જગ્યાઓ માટે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાઓનું લેખિત અને મૌખિક કૌશલ્ય ધરાવે તે ઈચ્છનીય રહેશે.

૧૦. ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખને ધ્યાને લઈને વયમર્યાદા તથા અનુભવની ગણતરી કરવામાં આવશે.

૧૧. કોઈપણ ઉમેદવારનો અનુભવ માંગેલ જરૂરી શૈક્ષણિક લાયકાત પૂર્ણ થયા પછીનો માન્ય ગણાશે.

૧૨. ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાતો, અનુભવની વિગતોમાં ઈન્ટરવ્યુ દરમિયાન ઓરીજનલ પ્રમાણપત્રોની ચકાસણી વખતે ક્ષતિ જણાશે તો, ઉમેદવારની કોઈપણ રજુઆત ગ્રાહય રખાશે નહિં તેમજ તેમને ઈન્ટરવ્યુમાંથી અને મેરીટ લીસ્ટ ઉપરથી તેમની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

૧૩. આ જાહેરાત કે ભરતીમાં કોઈપણ કારણોસર ફેરફાર કે રદ કરવાની આવશ્યતા ઉભી થાય તો, તેમ કરવાનો સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર–૧૯, ગાંધીનગરને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે. તેમજ ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણયો માટે સમગ્ર શિક્ષા કચેરીને હકક અબાધિત રહેશે. સમગ્ર શિક્ષા કચેરી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિં.

૧૪. અરજી કર્યાબાદ ઉમેદવાર ધ્વારા ભરતી કે નિમણૂંક અંગે ઈન્ટરવ્યુ દરમિયાન ટેલિફોનીક અથવા પત્ર વ્યવહાર ધ્વારા લાગવગ/ ભલામણ કરવામાં આવશે તો તે ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૧૫. ઈન્ટરવ્યુ પ્રક્રીયા પૂર્ણ થયાબાદ ઉમેદવારને મેરીટ મુજબ પસંદ કરેલ જગ્યા માટે નિમણૂંક આપવામાં આવશે. આ અંગે કોઈપણ ઉમેદવાર જગ્યાની નિમણૂંક સબંધે વારંવાર કચેરીને ભલામણ કરતો જણાશે તો તેની નિમણૂંક રદ કરવામાં આવશે.

૧૬. સમગ્ર શિક્ષા અંતર્ગત હાલ કરાર આધારિત નિમણૂંક પામેલ કોઈપણ કર્મચારી અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારની નિમણૂંક નવી નિમણૂંક ગણાશે અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું ફિકસ મહેનતાણું મળવાપાત્ર રહેશે.

**૧૭. લાયકાતના ધોરણોઃ–**

## <u>રાજય કક્ષાની જગ્યા</u>

### (૧) <u>ઓફિસર ઈન્ચાર્જ – સ્ટેટ આઈ.ઈ.ડી. કો–ઓર્ડિનેટર</u>

**આવશ્યક લાયકાત :**– સુચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%) ની તથા અનુ સ્નાતક કક્ષાએ દ્વિતિય વર્ગ (૬૦%) ની પદવી સાથે વિશિષ્ટ શિક્ષણમાં સ્પેશ્યલ બી.એડ. ની પ્રથમ વર્ગ (૬૦%) લાયકાત ફરજીયાત ધરાવતા હોવા જોઈએ. RCI માન્ય સંસ્થા માંથી તેમજ RCI - CRR રજીસ્ટ્રેશન ફરજિયાત કરેલ હોવું જોઈએ.

<u>**ઈચ્છનીય લાયકાત :**</u> ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની સ્પેશ્યલ એમ.એડ (RCI Approved) ની લાયકાત અથવા એમ.એડ. ની લાયકાત ધરાવનાર ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે.

<u>**અનુભવ :**</u> ઉમેદવારે ખાસ જરૂરિયાતવાળા (દિવ્યાંગ) વિદ્યાર્થીઓ સાથે કામ કરવાનો ઓછામાં ઓછા ૨ વર્ષનો ફરજિયાત અનુભવ અને સામજિક / વિકાસ ક્ષેત્રના વહીવટી, સંકલન, અમલીકરણનો ૩ વર્ષનો કાર્ય અનુભવ ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

આમ કુલ દિવ્યાંગ શિક્ષણના ક્ષેત્રમાં ફરજીયાત **"૫ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધઃ સ્નાતક, અનુસ્નાતક અને સ્પેશ્યલ બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

<u>**વય મર્યાદા :**</u> ઓનલાઈ અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૫<u>૦ વર્ષ</u> સુધીની રહેશે.

## <u>જિલ્લા કક્ષાની જગ્યા</u>

### (૨) <u>મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર :આઈઈડી કો–ઓર્ડિનેટર</u>

**આવશ્યક લાયકાત :**– સુચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીના કોઈ એક વિષયમાં સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%) ની પદવી તથા અનુ સ્નાતક કક્ષાએ દ્વિતિય વર્ગ (૫૫%) ની પદવી સાથે વિશિષ્ટ શિક્ષણમાં સ્પેશ્યલ બી.એડ. કે સ્પેશ્યલ ડીપ્લોમા RCI માન્ય સંસ્થા માંથી તેમજ RCI - CRR રજીસ્ટ્રેશન ફરજિયાત કરેલ હોવું જોઈએ.

<u>**અનુભવ :**</u> વિશિષ્ટ જરૂરીયાત (Special Needs) ધરાવતા બાળકો સાથે કામ કરવાનો RCI માન્ય સંસ્થાનો કે માન્ય શાળાનો **"૩ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધ : સ્નાતક, અનુસ્નાતક અને સ્પેશ્યલ બી.એડ./ સ્પેશ્યલ ડીપ્લોમા પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

<u>**વય મર્યાદા :**</u> ઓનલાઈ અરજી કરવાની છેલ્લી તારીખના રોજ <u>**૪૫ વર્ષ**</u> સુધીની રહેશે.

### (૩) <u>આસિસ્ટન્ટ આર્કિટેક</u>

**આવશ્યક લાયકાત :**

- આ જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની બી.ઈ.–આર્કિટેક માં ઓછામાં ઓછા ૬૦% ની લાયકાત ફરજીયાત ધરાવતા હોવા જોઈએ.

- ઉમેદવાર કોમ્પ્યુટરનું જ્ઞાન ફરજિયાત ધરાવતા હોવા જોઈએ. (ઓટોકેડ અથવા રેવીટ સોફટવેર અથવા તેને સમકક્ષ)
- ઉમેદવાર ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા લખતાં, વાંચતા, બોલતાં આવડતું હોવુ જોઈએ.

**અનુભવ :**

- ઉમેદવાર બાંધકામના ક્ષેત્રમાં ફરજીયાત "૨ વર્ષનો આર્કિટેક તરીકેનો અનુભવ" ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**(નોંધઃ બી.ઈ.–આર્કિટેક પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

## તાલુકા કક્ષાની જગ્યા

**(૪) બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા)**

| | | |
|---|---|---|
| **આવશ્યક લાયકાત** | : | (૧) B.Com./BCA/B.Sc./BBA સાથે<br>સરકાર / યુ.જી.સી. માન્ય યુનિવર્સીટીનો ઓછામાં ઓછો એકવર્ષનો PGDCA કોર્ષ કરેલ હોવો જોઈએ.<br>**અથવા**<br>MCA/ M.sc Computer Science (CS) / IT<br>**અથવા**<br>(૨) B.E. (IT / Computer) |
| **અનુભવ** | : | કોમ્પ્યુટર કામગીરીનો ઓછામાં ઓછો એક વર્ષનો સંસ્થાકીય અનુભવ (સવેતન). |

**(નોંધ : અનુભવ B.E. (Computer / IT) / PGDCA/MCA/ M.sc Computer Science (CS) / IT પાસ કર્યા પછીનો જ ગ્રાહય રાખવામાં આવશે.)**

**(૫) બ્લોક રિસોર્સ પર્સનઃ એ.આર. એન્ડ વી.ઈ. (એલીમેન્ટ્રી એજયુકેશન/સેકન્ડરી એજયુકેશન)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતકમાં ૫૦% સાથે પાસ અને બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**(૬) બ્લોક રિસોર્સ પર્સનઃ નિપુણ (પ્રજ્ઞા)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતકમાં ૫૦% સાથે પાસ અને બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

## કેજીબીવી કક્ષાની જગ્યા

**(૭) વોર્ડન કમ હેડ ટીચર – નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતક કક્ષાએ ૫૦% તથા અનુસ્નાતક સાથે બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**અનુભવ :**

– કેજીબીવીમાં કામ કરતાં શૈક્ષણિક સ્ટાફનો ફરજિયાત ૩ (ત્રણ) વર્ષનો સવેતન અનુભવ ધરાવતા હોવા જોઈએ.

– અન્ય સંસ્થા માટે સરકાર માન્ય નિવાસી શાળા વ્યવસ્થામાં કામગીરી/સંચાલનનો ૩ (ત્રણ) વર્ષનો અનુભવ ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**(નોંધ : સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**(૮) આસિસ્ટન્ટ વોર્ડન– નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતકમાં ૪૫% સાથે પાસ અને બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**અનુભવ :**

– ઉમેદવાર શિક્ષણક્ષેત્રમાં ફરજિયાત ૧ વર્ષનો સવેતન અનુભવ ધરાવતા હોવા જોઈએ.

**(નોંધ : સ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**<u>(૯) હિસાબનીશ – બીન નિવાસી (કેજીબીવી (ફકત મહિલા ઉમેદવાર)</u>**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ફકત મહિલા ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની સ્નાતકકક્ષાએ ૫૫% સાથે બી.કોમ./બીબીએ માં મુખ્ય વિષય એકાઉન્ટન્સી સાથેની લાયકાત ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ. તેમજ ટેલી સોફટવેરનો સર્ટીફીકેટ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી ફરજિયાત કરેલ હોવો જોઈએ.

## <u>બોઈઝ હોસ્ટેલ માટે જગ્યાઓ</u>

**(૧૦) વોર્ડન (ગૃહપતિ) – નિવાસી (ફકત પુરૂષ ઉમેદવાર)**

**<u>આવશ્યક લાયકાત :</u>** સૂચિત જગ્યા માટે ફકત પુરૂષ ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતક કક્ષાએ ૫૦% તથા અનુસ્નાતક સાથે બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**<u>અનુભવ :</u>**

– ઉમેદવારો માટે સરકાર માન્ય નિવાસી શાળા/ખાનગી શાળાની વ્યવસ્થામાં કામગીરી/સંચાલનનો ૩ (ત્રણ) વર્ષનો સવેતન અનુભવ ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

(નોંધ : સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)

**(૧૧) આસિસ્ટન્ટ વોર્ડન (મદદનીશ ગૃહપતિ)– નિવાસી (ફકત પુરૂષ ઉમેદવાર)**

**<u>આવશ્યક લાયકાત :</u>** સૂચિત જગ્યા માટે ફકત પુરૂષ ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિષયમાં સ્નાતકમાં ૫૦% અને બી.એડ. ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**<u>અનુભવ :</u>**

– ઉમેદવાર શિક્ષણક્ષેત્રમાં ફરજિયાત ૧ વર્ષનો સવેતન અનુભવ ધરાવતા હોવા જોઈએ.

(નોંધ : સ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)

**(૧૨) હિસાબનીશ – બીન નિવાસી મહિલા/પુરૂષ ઉમેદવાર (બોઈઝ હોસ્ટેલ માટે)**

**<u>આવશ્યક લાયકાત :</u>** સૂચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સીટીની સ્નાતકકક્ષાએ ૫૫% બી.કોમ./બીબીએ માં મુખ્ય વિષય એકાઉન્ટન્સી સાથેની લાયકાત ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ. તેમજ ટેલી સોફટવેરનો સર્ટીફીકેટ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી ફરજિયાત કરેલ હોવો જોઈએ.

૧૮. ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Application number નોંધી લેવાનો રહેશે.

૧૯. ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **Registration** કરવાનું રહેશે જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, ઈમેલ, મોબાઈલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો તાજેતરનો ફોટો અને સહીનો નમૂનો **200 kb** થી વધે નહી તે રીતે સ્કેન કરી **Upload** કરવાના રહેશે. **Registration** ફોર્મમાં આપેલ **Email Address** પર **Account Activate** કરવા અંગેનો ઈમેલ આવશે. જેમાં **<u>Click here To Activate</u>** પર **Click** કરવાથી આપનું **Register** કરેલ **Account Activate** થશે. ત્યારબાદ **Login** થઈ જે તે જગ્યા સામે **Apply Button** પર **Click** કરી અરજી કરવાની રહેશે.

૨૦. On line Application Save કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Button પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

૨૧. આપની અરજીને Confirm Button પર કલીક કરી આપની અરજીને Submit કરવાની રહેશે. **<u>Submit કરેલી અરજી જ માન્ય ગણાશે</u>** અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

૨૨. **<u>Submit કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.</u>**

૨૩. ઈન્ટરવ્યુ વખતે પ્રિન્ટ લીધેલ અરજી પત્રકમાં અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

૨૪. ઓનલાઈન અરજી કર્યાબાદ અરજી પત્રકમાં કોઈ ભૂલ જણાય તો નવેસરથી ફરીવાર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૨૫. પસંદગી પ્રક્રિયા માટે ઉમેદવારો ધ્વારા ઓનલાઈન અરજી મેળવ્યા બાદ લાયકાતના ધોરણે પસંદગીને પાત્ર ઠરતાં ઉમેદવારોની મેરીટ યાદી તૈયાર કરી જગ્યાના પ્રમાણમાં ઉમેદવારની પસંદગી માટે તેમનું ગુણાંકન ૭૦% લાયકાત અને અનુભવ તેમજ ૩૦% ઈન્ટરવ્યુનો ભારાંક રહેશે.

૨૬. ક્રમ–૯ પરની સીવીલ ઈજનેરની જગ્યા માટે પસંદગી પ્રક્રિયા માટે ઉમેદવારો ધ્વારા ઓનલાઈન અરજી મેળવ્યા બાદ લાયકાતના ધોરણે પસંદગીને પાત્ર ઠરતાં ઉમેદવારોની ઓનલાઈન ભરવામાં આવેલ ફોર્મ મુજબ ૫૦ ગુણાંકનનું મેરીટ તૈયાર થયેથી ત્યારબાદ લેખિત કસોટીના ૩૦ ગુણ અને મૌખિક ઈન્ટરવ્યુના ૨૦ ગુણ રહેશે. આમ કુલ ૧૦૦ ગુણાંકન રહેશે. તે મુજબ ફાઈનલ મેરીટ તૈયાર કરવામાં આવશે.

૨૭. ઉકત ક્રમ–૧૧ થી ૧૫ ની તાલુકા/કેજીબીવી કક્ષાની જગ્યાઓ માટે જિલ્લાવાઈઝ મેરીટયાદી તૈયાર કરવામાં આવશે. ઉમેદવારે ક્રમ–૧૧ થી ૧૫ ની જગ્યાઓ માટે અલગ–અલગ જિલ્લા માટે અલગ–અલગ અરજીઓ કરવાની રહેશે.

૨૮. જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધ–ઘટ થવાની શકયતા છે. તેમજ ઉકત ખાલી રહેલ જગ્યાઓ તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે.

૨૯. ઉમેદવારોની લાયકાત પ્રમાણે નીચે મુજબ ગુણાંકન રહેશે.

**<u>ઉમેદવારોની લાયકાત પ્રમાણે ગુણાંકન :</u>**

**(૧) <u>ઓફિસર ઈન્ચાર્જ – સ્ટેટ આઈ.ઈ.ડી. કોઓર્ડિનેટર</u>**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦% | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૫% | સ્પેશ્યલ બી.એડ.પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦% | એમ.એડ. પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫ % | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૧૫ | ૨૦ | ૫ | ૧૦ | ૭૦ |

**(૨) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૫% | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૫% | વિશિષ્ટ શિક્ષણ (Special Education) માં સ્પેશ્યલ બી.એડ./સ્પેશ્યલ ડીપ્લોમા કરેલને મેળવેલ ગુણાંકન ૩૦% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|---|
| ૧૫ | ૧૫ | ૩૦ | ૧૦ | ૭૦ |

**(૩) આસિસ્ટન્ટ આર્કિટેક**

| સ્નાતક એટલે કે બી.ઈ.–આર્કિટેક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૪ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|
| ૫૦ | ૨૦ | ૭૦ |

## <u>તાલુકા/કેજીબીવી કક્ષાની જગ્યા</u>

**(૪) બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા)**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૬૦% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક | કુલ |
|---|---|---|

| (B.E-I.T./ Computer) | અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના ૧૦ ગુણ | ગુણ (૧૦૦) |
|---|---|---|
| ૯૦ | ૧૦ | ૧૦૦ |

**અથવા**

| B.Com./BCA/B.Sc./BBA પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | PGDCA/MCA/ M.sc Computer Science (CS) / IT મેળવેલ ગુણાંકનના ૪૦% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|---|
| ૫૦ | ૪૦ | ૧૦ | ૧૦૦ |

**(૫) બ્લોક રિસોર્સ પર્સનઃ એ.આર. એન્ડ વી.ઈ. (એલીમેન્ટ્રી એજયુકેશન/સેકન્ડરી એજયુકેશન)**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | બી.એડ. માં મેળવેલ ગુણના ૩૦% | વધારાની લાયકાત અન્વયે અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ગુણાંકનના ૧૦% | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|---|
| ૬૦ | ૩૦ | ૧૦ | ૧૦૦ |

**(૬) બ્લોક રિસોર્સ પર્સનઃ નિપુણ (પ્રજ્ઞા)**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | બી.એડ. માં મેળવેલ ગુણના ૩૦% | વધારાની લાયકાત અન્વયે અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ગુણાંકનના ૧૦% | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|---|
| ૬૦ | ૩૦ | ૧૦ | ૧૦૦ |

**(૭) વોર્ડન કમ હેડ ટીચર – નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪)**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ગુણાંકનના ૧૫% | બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૧ ગુણ પ્રમાણે મહતમ ૧૦ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|---|---|
| ૫૦ | ૧૫ | ૨૫ | ૧૦ | ૧૦૦ |

**(૮) આસિસ્ટન્ટ વોર્ડન–નિવાસી (કેજીબીવી–ટાઈપ–૧, ૨, ૩ અને ૪) (ફકત મહિલા ઉમેદવાર)**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ગુણાંકનના ૧૫% | બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૧ ગુણ પ્રમાણે મહતમ ૧૦ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|---|---|
| ૫૦ | ૧૫ | ૨૫ | ૧૦ | ૧૦૦ |

(૯) હિસાબનીશ – બીન નિવાસી (કેજીબીવી) (ફકત મહિલા ઉમેદવાર)

| B.Com/BBA એકાઉન્ટન્સી વિષયમાં મેળવેલ ગુણના ૭૦% | ટેલી સર્ટિફિકેટ કોર્ષ ધરાવતાં ૩૦% | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|
| ૭૦ | ૩૦ | ૧૦૦ |

(૧૦) વોર્ડન (ગૃહપતિ) – નિવાસી (ફકત પુરૂષ ઉમેદવાર) (બોઈઝ હોસ્ટેલ માટે)

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ગુણાંકનના ૧૫% | બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૧ ગુણ પ્રમાણે | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| | | | મહતમ ૧૦ વર્ષના ૧૦ ગુણ | |
| ૫૦ | ૧૫ | ૨૫ | ૧૦ | ૧૦૦ |

**(૧૧) આસિસ્ટન્ટ વોર્ડન (મદદનીશ ગૃહપતિ)– નિવાસી (ફકત પુરૂષ ઉમેદવાર) (બોઈઝ હોસ્ટેલ માટે)**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૫૦% | અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ગુણાંકનના ૧૫% | બી.એડ. માં મેળવેલ ગુણના ૨૫% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૧ ગુણ પ્રમાણે મહતમ ૧૦ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|---|---|
| ૫૦ | ૧૫ | ૨૫ | ૧૦ | ૧૦૦ |

**(૧૨) હિસાબનીશ – બીન નિવાસી મહિલા/પુરૂષ ઉમેદવાર (બોઈઝ હોસ્ટેલ માટે)**

| B.Com/BBA એકાઉન્ટન્સી વિષયમાં મેળવેલ ગુણના ૭૦% | ટેલી સર્ટિફિકેટ કોર્ષ ધરાવતાં ૩૦% | કુલ ગુણ (૧૦૦) |
|---|---|---|
| ૭૦ | ૩૦ | ૧૦૦ |

ઉપરોકત ક્રમ–૧,૨ અને ૩ ની તમામ જગ્યાઓ પર ઉમેદવારની લાયકાત અને અનુભવના આધારે ઓનલાઈન ભરવામાં આવેલ ફોર્મ મુજબ ૭૦ ગુણાંકનનું મેરીટ તૈયાર થયેથી ત્યારબાદ મૌખિક ઈન્ટરવ્યુના ૩૦ ગુણ રહેશે. આમ કુલ ૧૦૦ ગુણાંકન રહેશે. તે મુજબ ફાઈનલ મેરીટ તૈયાર કરવામાં આવશે.

ઉપરોકત ક્રમ–૪ થી ૧૨ ની જગ્યાઓ માટે જિલ્લાવાર ૧૦૦ ગુણાંકનની મેરીટયાદી તૈયાર કરવામાં આવશે. ક્રમ–૪ થી ૧૨ ની જગ્યા માટે મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે નહિ. ઉમેદવારોની મેરીટ યાદી જિલ્લાને આપી નિયત તારીખ નકકી કરી તમામ જિલ્લાને એક સાથે ભરતીની પ્રક્રિયા કરવામાં આવશે.

# પરિશિષ્ટ – ૪
# ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શિકા

**ખાસ નોંધ :**

૧. ફોર્મ કોલમ અનુક્રમ નંબર મુજબ જ ભરવું.

૨. એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયા હોય તેવા અરજદારે :

- છેલ્લે પાસ કરેલ પરીક્ષાનો સીટ નંબર અને વર્ષ લખવું.
- તમામ માર્કશીટના ગુણનો સરવાળો કરી એન્ટ્રી કરવી, દા.ત. પહેલા પ્રયત્નમાં કુલ ૭૦૦ માંથી ૪૫૦ ગુણ અને બીજા પ્રયત્નમાં કુલ ૪૦૦ માંથી ૩૦૦ ગુણ મેળવેલ હોય તો કુલ ગુણમાં ૧૧૦૦ (૭૦૦+૪૦૦) અને મેળવેલ ગુણમાં ૭૫૦(૪૫૦+૩૦૦) એન્ટર કરવા.

૩. જયારે સ્ક્રીન પર Please Wait દર્શાવતું હોય ત્યારે કોઈ પણ એન્ટ્રી કરવીં નહીં.

૪. તમામ માહિતી અંગ્રેજીમાં ભરવાની રહેશે.

૫. કેટલીક યુનિવર્સિટીની માર્કશીટમાં ગ્રેડ પધ્ધતિ અનુસાર ઉમેદવારના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવેલ હોતા નથી. આવા ઉમેદવારોએ જે તે યુનિવર્સિટીમાંથી કુલ ગુણ/મેળવેલ ગુણ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે મુજબ ગુણ દર્શાવવાના રહેશે. જો ઉમેદવાર આ પ્રકારનું પ્રમાણપત્ર રજુ ન કરી શકે તો ગ્રેડ પધ્ધતિમાં દર્શાવેલ ગ્રેડના રેન્જની લઘુતમ ટકાવારી મુજબના ગુણ અરજીપત્રકમાં ભરવાના રહેશે. કુલ ગુણ ૧૦૦૦ અને ટકાવારી અનુરૂપ મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત. જો ૭૧% હોય તો કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૭૧૦ દર્શાવવા)

**(૧). ઉમેદવારનું પુરૂ નામ:** અટક, નામ, અને પતિ/પિતાનું નામ તમારી માર્કશીટ પ્રમાણે એન્ટર કરો.

**(૨). પત્ર વ્યવહારનું સરનામું:** પત્ર વ્યવહાર માટે હાલના સરનામાંની વિગત એન્ટર કરો.

✓ "ફોન નંબર" માં તમારો ફોન નંબર એન્ટર કરો.

✓ "ઈમેલ એડ્રેસ" માં તમારું ઈમેલ એડ્રેસ એન્ટર કરો.

✓ "જન્મ તારીખ" માં "DD" માંથી તમારી જન્મની તારીખ પસંદ કરો. "MM" માંથી તમારા જન્મનો મહિનો પસંદ કરો. અને "Year" માંથી તમારા જન્મનું વર્ષ પસંદ કરો. તમારી ઉમર આપોઆપ આવી જશે.

✓ "જાતિ" માં સ્ત્રી અથવા પુરૂષ પસંદ કરો.

**(૩). શૈક્ષણિક લાયકાત:**

"શૈક્ષણિક લાયકાત" માં ડ્રોપ ડાઉનમાંથી નીચે પૈકીના વિકલ્પ માંથી પસંદગી કરો.

➢ **સ્નાતક / અનુસ્નાતક / અન્ય લાયકાત માટે:**

- ડ્રોપ બોક્ષમાં દર્શાવ્યા મુજબ વિકલ્પ પસંદ કરો.
- University / Organization / Institute માં યોગ્ય વિકલ્પ પસંદ કરો. "Other" સિલેકટ કરતાં University નું નામ લખવું.
- Year of Passing માં ડીગ્રી પાસ કર્યાનું વર્ષ એન્ટર કરો.
- Exam Seat No માં તમારો સીટ નંબર એન્ટર કરો.
- કુલ ગુણ અને મેળવેલ ગુણ એન્ટર કરો. ટકા આપોઆપ આવી જશે.
- તમારો પ્રયત્ન ડ્રોપ ડાઉનમાંથી સિલેકટ કરો.

**(૪). અનુભવ : (આવશયક લાયકાત મેળવ્યા પછીનો જ અનુભવ એન્ટર કરવો)**

➢ તમારા પહેલા અનુભવથી શરૂઆત કરી આખરી અનુભવ સુધી ક્રમ માંજ એન્ટ્રી કરો.

✓ દા.ત. company ABC માં 1-Jan-1990 થી 30-May-1995 સુધીનો અનુભવ હોય અને company XYZ 1-Jun-1995 થી 15-Dec-2001 સુધીનો અનુભવ હોય તો company ABC ની વિગત પ્રથમ એન્ટર કરો. તે પછી જ company ABC ની એન્ટ્રી કરો.

તમામ વિગતો ભરી Submit પર કિલક કરો.

**નોંધ:–**

- પ્રિન્ટ કાઢયા પછી હાથ થી સુધારા/વધારા કરેલા અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.
- ઈન્ટરવ્યુ માટેની સૂચના, મેરીટ લિસ્ટ વગેરે માટે ઓનલાઈન **http://www.ssagujarat.org** વેબસાઈટ જોતી રહેવાની રહેશે. અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.